| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધિકારી,**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**<br>**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦** | |

**તા.૧૫/૦૬/૨૦૨૫ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૧૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૯૮ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૯ બિયર ટીન, ૦૨ સ્કુટર અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૧૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૧૬/૨૦૨૫**

**ખાડીયાઃ** રામચન્દ્રભાઇ છગનભાઇ જોગસણ (ઉ.વ.૬૯) (રહે. મ્યુનિસિપલ સ્કૂલ નંબર-૨૦ ઉપલી શેરી ઢાળની પોળ ખાડીયા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૬/૨૦૨૫ કલાક ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની જાળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.વી.ઠક્કર ચલાવે છે.

**રામોલઃ** રામોલ સુરલીયા રોડ શંકર એસ્ટેટ શેડ નંબર.૧૪૧ ઉદય પોલીમર્સ પ્લાસ્ટીક દાણાના કારખાના ઉપર આવેલ ઓરડી ખાતે રહેતા અજય સ/ઓ કાંતીભાઇ પગી (ઉ.વ.૧૯) (મુળ વતન.ગામ-ગોરડા તા-શહેરા જી-પંચમહાલ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૬/૨૦૨૫ ના કલાક ૦૫/૩૦ વાગ્યા પહેલા રહેણાંક ઓરડીમાં લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જેરામભાઈ વાલજીભાઈ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી